### હાલ ભાજપનો મહામંત્રી અને પૂર્વ સરપંચ કિરણ રાવતે ગેરકાયદે ST હોવાનો લાભ મેળવ્યો

# સંજેલીમાં આદિવાસીના હક્કો પર ડાકો!

## બોગસ આદિવાસી પ્રમાણપત્રનું કૌભાંડ । સંજેલીમાં રાવળ પરિવારે ગેરકાયદે રાવતના દાખલા મેળવી બે ટર્મ સુધી સરપંચ પણ બન્યા હોવાનો પર્દાફાશ થતાં આદિવાસી સમાજ લાલઘૂમ

**રાવળથી રાવત બનીને દેશ અને સમાજ સાથે છેતરપિંડી આચરાઇ**


સંતોષ વાઘજી રાવત (તલાટી )


માનુસિંગ રામસીંગ રાવત (લીમડી પોલીસ સ્ટેશન જી - દાહોદ )


કિરણભાઇ રાવત પૂર્વ સરપંચ /ભાજપ મહામન્ત્રી / એને કે નર્સિંગ કૉલેજ પ્રમુખ

(પ્રતિનિધિ) તા.07 સિંગવડ,સંજેલી

સંજેલીમાં એક ચોખાવનારી ઘટના સામે આવતા તમામ સોશિયલ મીડિયામાં બોગસ ST આદિવાસી હોવાના પુરાવા નકલો, પેઠીનામું, પ્રમાણપત્ર સહિતના ડોક્યુમેન્ટ સોશિયલ મીડિયામાં વાઈરલથી ગુજરાતમાં ચકચાર મચી જવા પામી છે.બોગસ પ્રમાણપત્રના આધારે મેળવ્યા સરકારી-સામાજિક લાભો યુવરાજસિંહે દાવા સાથે આક્ષેપ કર્યો છે કે, આ પરિવારે અનામતનો ગેરલાભ લઈ સાચા આદિવાસીઓના હક્કો છીનવ્યા છે.1)કિરણ રાવળ સંજેલી તાલુકા ભાજપનો મંડળનો મહામંત્રી, એન. કે નર્સિંગ કોલેજ પ્રમુખ , ભાઠીવાડા ખાતે ST કોટા હેઠળ પેટ્રોલ પંપ મેળવ્યો અને બંને પુત્ર વિશાલ કિરણ રાવળ,અમિત કિરણ રાવળ મેડિકલ ક્ષેત્રે અનામત બેઠક નો લાભ લઈ પ્રવેશ મેળવ્યો.2)કમલેશ રામસીંગ રાવળ સંજેલી અનાજમાર્કેટમાં આદિવાસી બનીને apmc ડિરેક્ટર નું પદ મેળવેલ છે અને હાલ તેમની પત્ની વૈભવીબેન કમલેશ જેઓ તાલુકા પંચાયતના સદસ્ય છે. કમલેશ રામસીંગ રાવળના બંને પુત્રએ રાજસ્થાનમાં મેડિકલ ક્ષેત્રે અનામત બેઠકો પર પ્રવેશ મેળવ્યો.3) માનુસિંગ રાવળ લીમડી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. 4)સંતોષભાઈ રાવળ ફતેપુરા તાલુકામાં તલાટી કમ મંત્રી તરીકે સેવા આપે છે.અને હાલ તેમની બદલી દેવગઢ બારીયાના નજીક ની કોઈ પંચાયત માં તલાટી તરીકે ફરજ બજાવે છે 5)અમરસિંગ રામસીંગના પુત્ર ચંદ્રકાન્ત અમરસિંગ રાવળ પણ હાલ કોઈ જગ્યાએ નોકરી મેળવી નોકરી કરે છે.6)રાવળ વાઘાભાઈ કેસરા જેઓનો પેટ્રોલ પંપ બરોડા ની આસપાસ માં ચાલે છે.7)રાવળ સંજય સૂર્યકાન્ત જેઓ પણ હાલ અમદાવાદ ખાતે મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરે છે.આ સહીતના આખા પરિવારમાં ગેરરીતિ હોવાનના ગંભીર આક્ષેપો કર્યો છે.આ તમામ લોકોના રેકડો સાથે ચેડા કરી બક્ષીપંચ ઓબીસી જ્ઞાતિ ધરાવતા મૂળ હિન્દુ રાવળ પરિવારે ગેરરીતી આચરી એસટી આદિવાસી હોવાના બોગસ પ્રમાણપત્રો મેળવ્યા હોવાના તમામ નકલો અને પેઢીનામાં અને દાખલા સહિતના પુરાવા સાથે ગાંધીનગર અખબાર ભવન ખાતે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ તમામ પુરાવા સાથે ગંભીર આક્ષેપો કર્યા.સરકારી વયપત્રકમાં જાતિ સ્પષ્ટપણે 'હિંદુ રાવળ પછાત' નોંધાયેલી.સંજેલી તાલુકામાં આદિવાસી સમાજના બંધારણીય અધિકારો પર તરાપ મારતું બોગસ અનુસૂચિત જનજાતિ (ST) પ્રમાણપત્ર કૌભાંડ સામે આવ્યું છે. મૂળ હિંદુ રાવળ (બક્ષીપંચ/OBC) જ્ઞાતિ ધરાવતા એક જ પરિવારે સરકારી રેકોર્ડમાં ગેરરીતિ આચરી આદિવાસી હોવાના બોગસ પ્રમાણપત્રો મેળવ્યા હોવાના પુરાવા સાથે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ગંભીર આક્ષેપો કર્યા છે.સરકારી વયપત્રકમાં જાતિ સ્પષ્ટપણે 'હિંદુ રાવળ પછાત' નોંધાયેલી આ કૌભાંડની યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સંજેલી તાલુકા કુમાર પ્રાથમિક શાળાના સરકારી વયપત્રક (G.R. No. 2529) માં કમલેશકુમાર રાવળ અને તેમના પૂર્વજોની જાતિ સ્પષ્ટપણે 'હિંદુ રાવળ પછાત' નોંધાયેલી છે. મહેસુલી રેકોર્ડમાં મંડેર ગામના હક્ક પત્રક (નોંધ નં. 884, 889, 911 અને 914) માં પરિવાર બક્ષીપંચ જ્ઞાતિનો હોવાનો ઉલ્લેખ છે.પરિવારના પૂર્વ કાળુભાઈ રાવળે આદિવાસી ડામોર પરિવારના ભળતા નામનો ગેરલાભ લઈ 7/12 માં નામ ઉમેરાવ્યું હતું. ત્યારબાદ 2010માં નાની સંજેલી ગામની વયપત્રક નોંધમાં ગેરકાયદેસર રીતે 'વારસાઈ' (આદિવાસી) શબ્દ ઉમેરીને બોગસ જાતિ પ્રમાણપત્ર મેળવવાનો આધાર ઊભો કરાયો હતો.આ પરિવારનો આદિવાસી સંસ્કૃતિ, રીત-રિવાજો કે જમીનના 73A/73AA નિયંત્રણો સાથે કોઈ સંબંધ નથી. તેમના તમામ લગ્નસંબંધો પંચમહાલ અને ફતેપુરાના રાવળ પરિવારોમાં જ થયા છે, જેથી તેઓ મૂળ રાવળ જ્ઞાતિના હોવાનું સાબિત થાય છે. આ પ્રકરણ અંગે આદિજાતિ વિકાસ મંત્રી અને ગુજરાત વિજિલન્સ કમિશન સમક્ષ સજ્જડ પુરાવા રજૂ કરાયા છે.જો સમગ્ર કૌભાંડની તટસ્થ વિજિલન્સ તપાસ કરી, બોગસ ST પ્રમાણપત્રો, નોકરીઓ, મેડિકલ સીટો અને પેટ્રોલ પંપ રદ કરીને ફોજદારી ગુનો (FIR) દાખલ નહીં કરાય, તો આદિવાસી સમાજના હક્કો માટે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, ગુજરાત મિત્રના પ્રતિનિધિ દ્વારા કલ્પેશ રાવત ઉર્ફે કલ્પેશ રાવળ નો સંપર્ક સાધવામાં આવ્યો હતો પણ તેમના પરિવારના તમામ સભ્યોના મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવતા હતા.

**પૂર્વજોની જાતિ 'હિંદુ રાવળ પછાત' હતી**

સંજેલી તાલુકા કુમાર પ્રાથમિક શાળાના સરકારી વયપત્રક (G.R. No. 2529માં કમલેશકુમાર રાવળ અને તેમના પૂર્વજોની જાતિ સ્પષ્ટપણે 'હિંદુ રાવળ પછાત' નોંધાયેલી છે.

**અધિકારીઓને અવગત કર્યા પરંતુ પરિણામ શૂન્ય**

જે યુવરાજસિંહ જાડેજા દ્વારા કરાયેલા આક્ષેપો બરોબર છે અને પહેલા પણ સંજેલીના આગેવાનો દ્વારા દાહોદ જિલ્લાના અધિકારીઓને અરજીઓ આપવામાં આવી છે પણ આના માટે કોઈ કાયદેસર કાર્ય વાહી કરવામાં આવી નથી.

**નરેશ બારીયા,** આપના સંગઠન મંત્રી


ચંદ્રકાન્ત અમરસિંહ રાવત


કીર્તન કમલેશ રાવત (મેડિકલ)


અમિત કિરણ રાવત (જામનગર મેડિકલ )


કમલેશ રાવત Apmc ડિરેક્ટર


ધનજય કમલેશ રાવત (મેડિકલ )

### ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દાહોદ દ્વારા કાર્યવાહી

# દાહોદ નગરમાં ડેરી એનાલોગના વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) તા.07 દાહોદ

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દાહોદ સર્કલ દ્વારા તા. ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, ગાંધીનગરના હુકમ અન્વયે દાહોદ સર્કલ વિસ્તારમાં ડેરી એનાલોગના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણને પ્રતિબંધિત કરવા માટે કચેરીના ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા વિવિધ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ ઝુંબેશ દરમિયાન દાહોદ મોર્ગ્યા ડેરી દોલતગંજ બજાર દાહોદ,મિતલ ડેરી મંડાવરોડ,તમન્ના ડેરી સ્ટેશન રોડ,અમરગંગા ડેરી ગોવિંદ નગર, જય સોનલમાં ડેરી ગોદીરોડ,કનૈયા ડેરી પડાવરોડ,શર્મા ડેરી ગોધરા રોડ,શિવલક્કી ડેરી ગોધરા રોડ



સહિતના વિસ્તારોની અનેક ડેરીઓમાં તપાસ કરવામાં આવી હતી જેમાં એનાલોગ પનીરનો જથ્થો મળ્યો નહતો. બે સ્થળો એથી તપાસના ભાગરૂપે પનીરના બે નમૂના પૃથ્થકરણ કરવા માટે લીધા હતા અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યાં પણ શંકાસ્પદ પનીર, બટર કે ચીઝનો જથ્થો મળી આવશે તેનો તાત્કાલિક નાશ કરી સંબંધિત એકમો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### બે દિવસ કોર્ટ કામકાજથી અળગા રહેવાનો નિર્ણય

# હાઈકોર્ટના નવા નોટિફિકેશનનો કાલોલ બાર એસો.દ્વારા વિરોધ

(પ્રતિનિધિ) તા.07 કાલોલ

ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા એક નોટિફિકેશન સામે કાલોલ બાર એસોસિએશને સખત વિરોધ નોંધાવ્યો છે. આજે તારીખ ૦૭/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કાલોલ વકીલ મંડળની જનરલ મીટીંગ મળી હતી, જેમાં બારના હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ એકસૂરે આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૦૧/૦૮/૨૦૨૬ થી લાગુ કરાયેલા નવા નિયમ મુજબ: કોર્ટના તમામ કામકાજ, અરજીઓ અને સોગંદનામા A4 સાઈઝના કાગળ પર જ કરવા. લખાણ માટે 'લોહીત' (Lohit) ફોન્ટ નો ફરજિયાત ઉપયોગ કરવો. કાલોલ બાર એસોસિએશનના જણાવ્યા અનુસાર, આ પરિપત્ર




સમગ્ર ગુજરાતના વકીલો તેમજ અસીલોના હિતમાં નથી અને તેનાથી ઘણી વ્યાવહારિક મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. જેના વિરોધમાં ઠરાવ પસાર કરી તમામ વકીલો દ્વારા હાઈકોર્ટના નોટિફિકેશનના વિરોધમાં કાલોલ બાર એસો.ના તમામ વકીલો તારીખ ૦૭/૦૮/૨૦૨૬ અને ૦૮/૦૮/૨૦૨૬ ના રોજ કોર્ટના કામકાજથી અળગા રહીને વિરોધ પ્રદર્શિત કરશે. હાઈકોર્ટ દ્વારા આ નોટિફિકેશન પરત લેવામાં નહીં આવે, તો ગાંધી ચિંધ્યા માર્ગે આગળના વિરોધ કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

### વહીવટી તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆતો કરવામાં આવી

# દિલ્હી-મુંબઈ કોરિડોર પ્રોજેક્ટ ખેડૂતોના પ્રશ્નોની સમીક્ષા કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ તા.8

ઝાલોદ પ્રાંત કચેરી ખાતે મળેલી આ બેઠકમાં દિલ્હી-મુંબઈ કોરિડોર પ્રોજેક્ટને લગતી વિવિધ પડતર બાબતો અને વિકાસલક્ષી કામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જેમા ૧૪ ગામોના આગેવાનો, ખેડૂતો તેમજ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અસરગ્રસ્ત ગામોના આગેવાનો અને ખેડૂતોએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટને કારણે તેમની જમીનો, રસ્તાઓ તેમજ સ્થાનિક સુવિધાઓને અસર થઈ રહી છે. ખેડૂતોએ પોતાની મૂંઝવણો અને પડતર પ્રશ્નો વહીવટી તંત્ર સમક્ષ ભારપૂર્વક રજૂ કરી તમામ



સમસ્યાઓનું વહેલી તકે અને પારદર્શક નિરાકરણ લાવવાની માંગણી કરી હતી.આ સમીક્ષા બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી છે પ્રાંત કચેરી, મામલતદાર કચેરી તેમજ તાલુકા વિકાસ અધિકારી સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. ખેડૂતો અને આગેવાનો દ્વારા રજૂ કરવામાં આવેલી સમસ્યાઓને ધ્યાનથી સાંભળ્યા બાદ પ્રાંત અધિકારી એ. કે. ભાટીયા દ્વારા સંબંધિત વિભાગોના અધિકારીઓને સખત તાકીદ કરવામાં આવી હતી કે, ખેડૂતોના પ્રશ્નો અને બાકી રહેલી કામગીરીનો વિલંબ કર્યા વિના વહેલી તકે નિકાલ કરવામાં આવે તેમજ જરૂરી કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવામાં આવે.

### સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવીમાં કેદ

# દાહોદમાં જ્વેલર્સની દુકાનમાં રૂા. ૪.૫૨ લાખની ચોરી કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ તા.8

ગત મધ રાત્રે દાહોદના પડાવ સર્કલ ખાતે ત્રાટકેલા તસ્કરોએ મહાદેવ મંદિર પાસે આવેલ શિવ જ્વેલર્સનામની - દુકાનને ટાર્ગેટ બનાવી દુકાનના મેઈન દરવાજાનું સેન્ટર લોક તથા સાંકળ ૧ સાથે મારેલ તાળું તોડી દુકાનમાંથી રૂપિયા ૪,૫૨,૭૦૦/-ની કિંમતના નું સોના ચાંદીના દાગીના ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં ચાલુ વર્ષે ગત વર્ષની સરખામણી માં ઓછો વરસાદ થતાં ચોરી-ચકારીનો ડર વધ્યો છે. તેવા સમયે દાહોદ શહેરના પડાવ સર્કલ ખાતે ગત મધરાતે ત્રાટકેલા તસ્કરોએ મન કામેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ શિવ જ્વેલર્સ નામની દુકાનને નિશાન બનાવી હતી. અને દુકાનના મેઈને દરવાજાનું સેન્ટર લોક તથા સાંકળ સાથે મારેલ તાળું તોડી તસ્કરો મેન દરવાજા વાટે દુકાનમાં પ્રવેશ્યા હતા. અને દુકાનમાં આવેલ કાચવાળા કાઉન્ટરના ટેબલના ડ્રોવરમાંથી રૂપિયા ૬૦,૦૦૦/-ની કિંમતના આશરે ચાર ગ્રામ વજનના સોનાના દાગીના તથા રૂપિયા ૩,૯૨, ૭૦૦/-ની કિંમતના આશરે ૧ કિલો ૯૪૫ ગ્રામ વજનના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૪,૫૨,૭૦૦/-ની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરીને લઈ ગયા હતા. તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા તે સમયે દુકાનમાં લગાવેલ સિસી ટીવી કમેરા ચાલુ હોવાને કારણે તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા.

### સરકારી તિજોરીને વરસે દહાડે કરોડોનું નુકસાન પહોંચાડે છે

# દેવગઢ બારીયા પંથકમાં રેતીખનન માફિયાઓ સામે કાર્યવાહી ક્યારે?

(પ્રતિનિધિ) દાહોદ તા.8

દેવગઢ બારીયા પંથકમાં છેલ્લા કેટલાય સમયથી સતત પણે ચાલી રહેલી ગેરકાયદે રેતી ખનનની આ પ્રવૃત્તિ સામે દેવગઢબારિયા પંથકની પ્રજા દ્વારા કેટ કેટલો વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં તેમજ આ મામલે અનેકાનેક વખત અખબારી માધ્યમો દ્વારા સંલગ્ન વિભાગ એવા ખાણ ખનીજ વિભાગના માથે માછલા ધોઈ ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં ગેરકાયદેસર રેતી ખનનની આ ગેરપ્રવૃત્તિ અટકવાનું નામ લેતી નથી અને હવે તો આ પંથકમાં ચોમાસામાં પણ રેતી ખનનની ગેરપ્રવૃત્તિ ધમધમતી જોવા મળતાં ખાણ ખનીજ વિભાગની કામગીરી સામે



પણ ગંભીર સવાલો ઉભા થયા છે. ખાણ ખનીજ વિભાગના અધિકારી/કર્મચારીઓને ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવતા કોણ રોકી રહ્યું છે? જો કોઈ ના રોકતું હોય તો આ ગેરકાયદેસર પ્રવૃતિને નેસ્તનાબૂદ કેમ કરવામાં આવતી નથી? તેવા અનેક વેધક સવાલો હાલ લોક ચર્ચામાં કેન્દ્રસ્થાને રહ્યા છે. જ્યારે જ્યારે ખાણ ખનીજ વિભાગ સ્થળ પર પહોંચે છે ત્યારે તે પહેલા જ ખનન માફિયાઓ સ્થળ પરથી કેમ પલાયન થઈ જાય છે? આવું મોટાભાગની રેઈડ દરમિયાન કેમ બને છે? ખાણ ખનીજ વિભાગની રેડ બાબતની ખનન માફીયાઓને કોણ જાણકારી આપી દે છે? તેમના સ્ટાફનો ફૂટેલો માણસ કે પછી ખાણ ખનીજ વિભાગની કચેરી આગળ કાયમ ફિલ્ડિંગ ભરતો ખનન માફિયાનો માણસ? આ પણ એક તપાસનો વિષય છે.ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં મંત્રી રહી ચૂકેલા બચુભાઈ ખાબડ પોતાના વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદેસર રેતી ખનનની ગેરકાયદે પ્રવૃત્તિ કરી ગબ્બર બની ગયેલા ખનન માફિયાઓ પર નકેલ કસી, આ ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્ત નાબૂદ કરે તે ઈચ્છનિય છે.

### જમીન માલિકને જાનથી મારવાની ધમકી પણ અપાઇ


# દેવપુરાની જમીન પચાવવાના કેસમાં ચાર સામે લેન્ડ ગ્રેબિંગ

(પ્રતિનિધિ) દાહોદ તા.8

કાલોલ તાલુકાના દેવપુરા ગામે આવેલી કિંમતી જમીન પર ગેરકાયદે કબજો જમાવી જમીન પચાવી પાડવા, નીલગીરીના વૃક્ષો કાપી લેવા અને જમીન માલિકને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આરોપસર ચાર વ્યક્તિઓ સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ) કાયદા હેઠળ કાલોલ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. વિશાલભાઈ જીતેન્દ્રકુમાર પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની માતા ભાવનાબેનના નામે દેવપુરા ગામે રેવન્યુ સર્વે નં. ૩૩/૨ની જમીન વર્ષ ૨૦૧૦માં ખરીદવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩થી ૨૦૨૬ દરમિયાન આરોપીઓએ કોઈ કાનૂની આધાર વિના જમીન પર કબજો જમાવી ત્યાં ઉભેલા નીલગીરીના વૃક્ષો પણ કાપી લીધા હતા. ઓગસ્ટ-૨૦૨૬માં સરકારી માપણી દરમિયાન ફરિયાદી સ્થળ પર પહોંચતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ભાવનાબેને અગાઉ પંચમહાલ કલેક્ટર કચેરીમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરી હતી. સમિતિની તપાસ બાદ પોલીસ ફરિયાદ નોંધવાનો હુકમ કરાતા કમળાબેન કાંતીભાઈ પરમાર, કાંતિભાઈ કાભઈભાઈ રાઠોડ, રણજીત ચૌહાણ અને નિર્મલકુમાર શ્યામલાલ સુખવાલ (તમામ રહે. મલાવ, તા. કાલોલ) સામે બી.એન.એસ. તથા લેન્ડ ગ્રેબિંગ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાલોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### દોઢ મહિનાની તલસ્પર્શી તપાસ બાદ દાહોદ પોલીસે CCTVના આધારે ગેંગ સુધી પહોંચ મેળવી

# દાહોદની ૧૪.૧૭ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો: ઈન્દોરની સિક્લીગર ગેંગનો એક આરોપી સકંજામાં.!





**સિક્લીગર ગેંગ** આંતરરાજ્ય ગેંગ હોવાનો ખુલાસો, ૨૦ ટકાની લાલચે વિશ્વજીત ફસાયો

(પ્રતિનિધિ) દાહોદ તા.8

દાહોદ શહેરના ગોવિંદનગર સ્થિત સહયોગનગર સોસાયટીમાં દોઢ મહિના અગાઉ થયેલી રૂ.14.17 લાખની ઘરફોડ ચોરીનો ભેદ પોલીસે ઉકેલી મધ્યપ્રદેશના ઈન્દોરની સિકલીગર ગેંગના એક આરોપી વિશ્વજીતસિંહ સુરજીતસિંહ બરનાલાની ધરપકડ કરી છે. જ્યારે ગેંગનો મુખ્ય સૂત્રધાર કુંદનસિંહ બચપનસિંહ સિકલીગર અને હરપાલસિંહ હરજીતસિંહ બરનાલા ફરાર હોવાથી તેમની શોધખોળ માટે અલગ-અલગ ટીમો કાર્યરત કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે કુંદનસિંહ દેશના મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં ઘરફોડ ચોરીના ગુનાઓમાં વોન્ટેડ છે. હરપાલસિંહ સામે પણ વિવિધ રાજ્યોમાં ગુનાઓ નોંધાયેલા છે. વિશ્વજીતને ચોરીની રકમમાંથી 20 ટકા હિસ્સો આપવાની લાલચ આપી ગેંગમાં સામેલ કરવામાં આવ્યો હતો. 19 જૂને સંકેત વિનોદ પંચાલના બંધ મકાનનું તાળું તોડી તસ્કરોએ રૂ.8.67 લાખની ચાંદી અને રૂ.5.50 લાખ રોકડ મળી કુલ રૂ.14.17 લાખની ચોરી કરી હતી. ગેંગ નંબર પ્લેટ વગરની હોન્ડા શાઈન બાઈક પર દાહોદ આવી હતી અને ચોરી બાદ બાઈક એક્સચેન્જમાં આપી નવી બાઈક ખરીદી હોવાનું પણ ખુલ્યું છે. પોલીસે દાહોદથી ઈન્દોર સુધીના સીસીટીવી ફૂટેજ ખંગાળી આરોપીઓનો પીછો કર્યો હતો. ચોરી બાદ આરોપીઓએ હાઈવેને બદલે અંતરિયાળ માર્ગ અપનાવ્યો, ઉપરથી અન્ય કપડાં પહેરી ઓળખ છુપાવી અને મધ્યપ્રદેશના ભેસાણ ચોકડી નજીક જંગલમાં કપડાં તથા ટોપી બાળી નાંખી હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે સિકલીગર ગેંગ વહેલી સવારે 4થી 6 વાગ્યાના સમયગાળામાં પોલીસની ડ્યુટી બદલાતી હોય તે સમયનો લાભ લઈ બંધ મકાનોને નિશાન બનાવે છે. હાલ પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ સાથે ચોરીનો મુદ્દામાલ કબજે લેવા તપાસ વધુ તેજ બનાવી છે.

### મલેશિયામાં ત્રણ મેડલ જીતી પરત ફરી

# દેવગઢ બારિયામાં મિસબા દીવાનનું ભવ્ય સ્વાગત કરાયું



(પ્રતિનિધિ) સિંગવડ તા.8

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયાની પ્રતિભાશાળી તાએક્વોન્ડો ખેલાડી મિસબા દીવાને મલેશિયામાં યોજાયેલી MBW ઈન્ટરનેશનલ ઓપન તાએક્વોન્ડો ચેમ્પિયનશિપમાં ભારતનું ગૌરવ વધારતાં ત્રણ મેડલ પોતાના નામે કર્યા છે. મિસબાએ ક્યોરુગી અને પૂમસે સ્પર્ધામાં બે સિલ્વર તથા વર્ચ્યુઅલ સ્પર્ધામાં એક બ્રોન્ઝ મેડલ જીતી દેવગઢ બારિયા, દાહોદ જિલ્લા અને સમગ્ર દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. મિસબા દીવાન આજે પોતાના વતન દેવગઢ બારિયા પરત ફરતાં પરિવારજનો, નગરજનો, રમતપ્રેમીઓ અને આગેવાનો દ્વારા ફૂલહાર પહેરાવી ભવ્ય સ્વાગત કરાયું હતું. આગેવાનોએ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવી ભવિષ્યમાં વધુ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારત માટે વધુ મેડલ જીતી દેશનું ગૌરવ વધારવાની શુભેચ્છાઓ પાઠવી હતી.